# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર

## <u>પ્રેસ નોટ</u>

તા: ૦૩/૦૬/૨૦૨૪

રાજય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ કંપનીઓ તથા અન્ય વીજ વિતરણ કંપનીઓ દ્વારા જીઈઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નું ટ્રુ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં પ્રશુલ્ક નિર્ધારણ માટે પીટીશનો દાખલ કરેલ. સદર પીટીશનો જીઈઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નાં ઓડીટેડ હિસાબો સાથે આયોગના નિર્દેશ મુજબ દાખલ કરેલ. આ પીટીશનો ઈલેકટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અને સંલગ્ન વિનિયમો અનુસંધાને રજીસ્ટર કરી પ્રશુલ્ક આદેશ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ.

આ પીટીશનો જાહેર જનતાની ભાગીદારીની ખાતરી કરવા જાહેરમાં પ્રકાશિત કરવા કંપનીઓને નિર્દેશ આપવામાં આવેલ. સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી વાંધાઓ/સૂચનો મંગાવવાની વિસ્તૃત કાર્યવાહી કરવામાં આવેલ. આ વાંધાઓ સૂચનોની ચકાસણી કરીને ૪થી માર્ચ, ૧૪મી માર્ચ તથા ૧૬મી માર્ચ ૨૦૨૪ નાં રોજ જાહેર સુનાવણી નિયત કરવામાં આવેલ. આ સુનાવણીમાં કેટલાક હિત ધરાવનારાઓએ, વ્યક્તિગત અને સંગઠનો સહિત આ સુનાવણીમાં ભાગ લીધો હતો.

આયોગ દ્વારા આ અરજીઓ પરના તમામ આદેશોને અંતિમ સ્વરૂપ આપીને પ્રશુલ્ક નિર્ધારિત કરેલ છે. ગ્રાહકો માટે મંજુર થયેલા પ્રશુલ્ક દરો ૧લી જૂન ૨૦૨૪ થી વીજ વપરાશ પર અમલમાં આવશે. આ આદેશોના મહત્વના/અગત્યનાં મુદ્દાઓ નીચે મુજબ છે:

- રાજય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ તેમજ ટોરેન્ટ પાવર લિમીટેડ (અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તાર) કંપનીના ગ્રાહકો માટેના વીજ દરમાં કોઈ જ ફેરફાર કરેલ નથી.
- રાજય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓના નિયમિત ગ્રાહકો (માત્ર રાત્રી સમયના વીજ વપરાશ માટેની વિશિષ્ટ કેટેગરી પસંદ કરેલ ગ્રાહકો સિવાય) માટે રાત્રીના કલાકો દરમ્યાન વીજળીના ઉપયોગ માટેના કન્સેશન દર બંધ કરવામાં આવે છે.
- રાજય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓના ગ્રાહકો માટે નાના પાયાની પશુપાલનની પ્રવૃત્તિઓ માટે આરજીપી પ્રશુલ્ક લાગુ કરવા માટે જોડાયેલા વીજભારની ૧૦ કી.વોટ ની ટોચ મર્યાદા ઉમેરવામાં આવી છે.
- ગ્રીનપાવર પ્રશુલ્ક માટે વધારાના પ્રશુલ્ક દર રૂ.૧.૫૦ થી ઘટાડીને રૂ.૧.૦૦ કરેલ છે.

- હાલની એફ.પી.પી.પી.એ. ના દરો માટેની ગણતરી-પદ્ધતિ ચાલુ રાખવામાં આવેલ છે.
- જેટકોના પ્રવહન માટેના હાલના દર રૂ.૪૧૧૩.૧૬ પ્રતિ મેગાવોટ પ્રતિ દિવસમાં વધારો કરી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આ દર પ્રતિ મેગાવોટ પ્રતિ દિવસ રૂ.૪૧૩૦.૩૨ નિર્ધારિત કરેલ છે.
- ટૂંકાગાળા માટે પ્રવહન દર વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૩૯.૦૯ પૈસા પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે.
- રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૪૩૧૯.૫૭ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.
- રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓના ઓપન એક્સેસ ગ્રાહકો માટે એચટી નેટવર્ક વિતરણ  ઘટ ૯.૫૦% થી ઘટાડીને ૮.૫૦% કરવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન યુજીવીસીએલ અને પીજીવીસીએલ સિવાયના અન્ય પરવાનેદારો માટે ખરેખર વીજ વિતરણ ઘટ આયોગ દ્વારા આપવામાં આવેલા લક્ષ્યાંક કરતાં ઓછો આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો મંજૂર કરાયેલ વીજ વિતરણ ઘટ ના લક્ષ્યાંક નીચેના કોષ્ટકમાં બતાવવામાં આવેલ છે:

વીજ વિતરણ ઘટ

| ડિસ્કોમ | વાસ્તવિક વીજ વિતરણ ઘટ વર્ષ ૨૦૨૨-૨૩ | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૩-૨૪ | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૪-૨૫ |
|---|---|---|---|
| ઉત્તર ગુજરાત વીજ કંપની લી | ૭.૬૦% | ૭.00% | ૭.00% |
| દક્ષિણ ગુજરાત વીજ કંપની લી | ૧.૬૦% | ૪.૬૮% | ૧.૬૦% |
| મધ્ય ગુજરાત વીજ કંપની લી | ૮.૩૭% | ૯.00% | ૮.૩૭% |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી | ૧૭.૪૩% | ૧૫.૭૫% | ૧૫.00% |
| ટીપીએલ–અમદાવાદ/ ગાંધીનગર | ૩.૭૪% | ૫.0૩% | ૩.૭૪% |
| ટીપીએલ – સુરત | ૩.૧૭% | ૩.૫૯% | ૩.૧૭ % |

રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ માટે, હાલમાં એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૨.૮૫ પ્રતિ યુનિટ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બેઝ એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૨.૭૭ પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે.

અમદાવાદ – ગાંધીનગરના વિસ્તારના ગ્રાહકો (ટોરેન્ટ પાવર લિમિટેડ) માટે હાલમાં એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૩.૫૧ પ્રતિ યુનિટ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બેઝ એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૩.૩૯ પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે.

સુરત વિસ્તારના ગ્રાહકો (ટોરેન્ટ પાવર લિમિટેડ) માટે હાલમાં એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૩.૪૭ પ્રતિ યુનિટ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બેઝ એફ.પી.પી.પી.એ. ચાર્જ રૂ.૨.૮૫ પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે.

-સહિ-
**રંજીથકુમાર જે. (આઇએએસ)**
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
**ગાંધીનગર**